સરકાર દ્વારા ૬૦થી વધુની વયનાને બૂસ્ટર ડોઝ અપાય છે

સરકારી કર્મીની ઓળખ આપી બૂસ્ટર ડોઝના નામે છેતરપિંડી

(એજન્સી) નવી દિલ્હી,

ઓમિક્રોનના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ઘણા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. તેને બચાવવા માટે કોવિડ ૧૯ રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. તે જ સમયે, તાજેતરમાં ભારત સરકારે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ આપવાનું પણ શરૂ કર્યું છે. જો તમારા ઘરમાં પણ ૬૦ વર્ષ કે તેથી વધુ વયના લોકો છે, તો તમારે તેમને પણ વિલંબ કર્યા વિના કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ મેળવવો જોઈએ. પરંતુ ધ્યાનમાં રાખો કે કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ અનેના નામે ઘણી છેતરપિંડી થઈ રહી છે આવી સ્થિતિમાં તમારે સાવચેત રહેવાની જરૂર છે. કારણ કે એક નાની બેદરકારી તમારું બેંક એકાઉન્ટ ખાલી કરી શકે છે છેતરપિંડી કરનારાઓ હંમેશા છેતરપિંડી કરવા માટે કોઈ નવી રીત શોધે છે. આ વખતે કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝના નામે પણ લોકો સાથે છેતરપિંડી થઈ રહી છે. બહાર આવેલી માહિતી અનુસાર, છેતરપિંડી કરનાર તમને ફોન કરશે અને પોતાની ઓળખ સરકારી કર્મચારી તરીકે આપશે. તમને જણાવી દઈએ કે આ સાયબર ગુનેગારો માત્ર વધુ વયના નાગરિકોને જ ફોન કરે છે અને તેમની પાસે તમારી કેટલીક વિગતો પહેલાથી જ હોય છે. આ પછી, તે તમારી પાસેથી નામ, સરનામું અને ઉંમર જેવી કેટલીક અંગત માહિતી માંગે છે. તમે કોવિડ ૧૯ રસીકરણ ક્યારે કરાવ્યું તે પણ તમને જણાશે.

આ પછી તે તમને કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ વિશે પૂછશે, શું તમે બૂસ્ટર ડોઝ મેળવવા અને તેના માટે સ્લોટ બુક કરવા માંગો છો? જો તમે હામાં જવાબ આપો છો, તો તમને કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ માટેની તારીખ અને સમય જણાવવામાં આવશે. આ પછી તમારા મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે અને છેતરપિંડી કરનાર તે ઓટીપી માંગશે. મહેરબાની કરીને નોંધ કરો કે આ ઓટીપી તમારા એકાઉન્ટમાંથી નાણાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવા માટે છે. જ્યારે તમે ઓટીપી શેર કરો છો, ત્યારે તમારું એકાઉન્ટ પળવારમાં ખાલી થઈ જશે. જો તમે આ પ્રકારની છેતરપિંડીથી બચવા માંગતા હોવ, તો સૌ પ્રથમ ધ્યાનમાં રાખો કે સરકાર કોવિડ ૧૯ બૂસ્ટર ડોઝ માટે કોઈ કોલ નથી કરી રહી. તેના બદલે, જો તમે બૂસ્ટર ડોઝ મેળવવા માંગતા હો, તો તમારે જાતે રસીકરણ માટે સ્લોટ બુક કરવવો પડશે. આ માટે તમે http://cowin.gov.in વેબસાઈટ અથવા આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરી શકો છો.

સગીરે ફૂટપાથ પર ચડાવી દીધી ગાડી, ૪ મહિલાનાં મોત

(એજન્સી) હૈદરાબાદ,

ફુટપાથ પર બેઠેલાં મજૂરોને એક કારે કચડી નાંખ્યાનો કિસ્સો સામે આવ્યો છે. તેલંગનાનાં કરીમનગરમાં રવિવારની સવારે ફૂટપાથ પર બેઠેલા કેટલાંક મજૂરોને એક કારે ટક્કર મારી દીધી હતી. જેમાં એક યુવતી સહિત ચાર મહિલાઓનું ઘટના સ્થળે મોત થઈ ગયુ છે. કાર કથિત રૂપે એક સગીર ચલાવતો હતો.

પોલીસે આપેલી માહિતી મુજબ, ઘટના સવારે છ વાગીને ૫૦ મિનિટ પર બની હતી. આ વિસ્તારમાં કાર ચલાવતા સમયે ગાઢ ધુમ્મસને કારણે આંખો ચોળતા સમયે સગીરનું સ્ટીયરિંગ પરથી નિયંત્રણ છટકયું હતું. અને કાર ડિવાઈડરથી અથડાઈ હતી અને ફુટપાથ પર ચડી ગઈ જ્યાં બેઠેલાં લોકોને તેણે અડફેટે લીધા હતાં. પોલીસનાં એક અધિકારીનાં જણાવ્યાં અનુસાર, ઘટનામાં ત્રણ મહિલા અને એક ૧૪ વર્ષિય યુવતીનું નિધન થઈ ગયુ છે. તેમણે જણાવ્યું કે, ત્રણનું ઘટના સ્થેળ જ મોત થઈ ગયુ હતું જ્યારે એકને હોસ્પિટલ લઈ જવામાં આવી તે સમયે રસ્તામાં તેણે દમ તોડ્યો હતો. આ અકસ્માતમાં અન્ય બે લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે જેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે.

કરીમનગરનાં પોલીસ આયુક્ત વી સત્યનારાયણે કહ્યું કે, કાયદાનું ઉલ્લંઘન કરનારા સગીરે બ્રેકની જગ્યાએ એક્સીલેટર દબાવી દીધુ અને કારથી ચારેય મહિલાઓને અને અન્યને ટક્કર મારી દીધી હતી. કિશોર નવમાં ધોરણનો વિદ્યાર્થી છે અને ઘટના સમયે કારમાં તેની સાથે બીજા બે સગીર મિત્રો પણ હતાં. ઘટના બાદ ત્રણેય સીગર કાર છોડીને ઘટના સ્થળેથી ભાગી ગયા છે. પોલીસે જણાવ્યું કે, ત્રણેયની ધરપકડ થઈ ગઈ છે. આ ઉપરાંત સગીર દીકરાને ગાડી ચલાવવાની પરવાનગી આપનાર કાર માલિકની પણ ધરપકડ થઈ ગઈ છે. પોલીસે જણાવ્યું કે, મજૂર પહેલાં ફુટપાત પર બનેલી અસ્થાયી ઝુપડીઓમાં રહેતા હતાં. જેને પોલીસ અને નગરનિગમનાં અધિકારીઓએ હાલમાં જ હટાવી દીધી હતી.

ડ્રીલમેક એસપીએ ભારતમાં ૨૦૦ મિલિયન યુએસ ડોલરથી વધુ મૂડીરોકાણ કરશે

ડ્રીલમેક એસપીએ, જેની ગણના ઓઈલ ડ્રીલીંગ રીગના ઉત્પાદન ક્ષેત્રે ગ્લોબલ લીડર તરીકે થાય છે, તેમનું ભારતમાં ગ્લોબલ મેન્યુફેકચરિંગ હબ સ્થાપી રહી છે. કંપની તેના ઓઈલ ડ્રીલીંગ રીગના ઉત્પાદન એકમ તરીકે સ્થપાઈ રહેલા ગ્લોબલ હબમાં ૨૦૦ મિલિયન યુએસ ડોલરથી વધુ મૂડીરોકાણ કરવામાં આવશે. ગ્લોબલ મલ્ટીસેકટર જૂથ, મેઘા એન્જીન્યરીંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમિટેડની પેટાકંપની ડ્રીલમેક એસપીએ આ એકમમાં મેન્યુફેકચરિંગ, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને લોકોને અદ્યતન તાલિમ આપતા ટેકનોલોજી સેન્ટરનો સમાવેશ કરાશે. ડ્રીલમેક અને તેલંગાણા સરકારના ઉદ્યોગ અને વાણિજય વિભાગ વચ્ચે તેલંગાણામાં ઓઈલ રીગ અને તેને આનુષાંગિક સાધનોના મેન્યુફેકચરીંગ માટેનુ ડ્રીલમેક ઈન્ટરનેશનલ હબ સ્થાપવા માટે સમજૂતીના કરાર થયા છે. ડ્રીલમેક એસપીએના સીઈઓ શ્રી સિમોન ટ્રેવિસાની જણાવે છે કે અમે ભવિષ્યમાં ભારતમાં હાઈડ્રોજન ફ્યુઅલ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ કરવામાં રસ ધરાવીએ છીએ. હાઈડ્રોજન ઉત્પાદન હબમાં રીગ મેન્યુફેકચરીંગ અને આનુસાંગિક સાધનોમાં રોકાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. આ એકમમાં સંશોધન અને વિકાસ તથા ટ્રેઈનિંગ સેન્ટર ફોર એક્સેલન્સ પણ સ્થાપવામાં આવશે. અમે ઈટલી, અમેરિકા (હ્યુસ્ટન) અને બેલારૂસમાં ત્રણ ઉત્પાદન એકમો ધરાવીએ છીએ. વિવિધ દેશોમાંથી મળેલી ઓફરોને ધ્યાનમાં લઈને અમે તેલંગણામાં હૈદ્રાબાદ ઉપર પસંદગી ઉતારી છે. ત્યાં પ્રગતિશીલ ઔદ્યોગિક નીતિ અને રોકાણકારો માટે મૈત્રીપૂર્ણ સુવિધાઓ છે.

મધ્યપ્રદેશમાં શાળા ૫૦ ટકા ક્ષમતા સાથે શરૂ કરવા નિર્ણય

(એજન્સી) ભોપાલ,

મધ્ય પ્રદેશમાં સ્કુલ ૧ ફેબ્રુઆરીથી ખુલી જશે. ધોરણ ૧થી ધોરણ ૧૨ સુધી ૫૦ % ક્ષમતા સાથે સંચાલિત કરવાનો નિર્ણય કરાયો છે. રહેણાંક શાળાઓ અને છાત્રાલયો પણ ૫૦% ક્ષમતા સાથે ખોલવામાં આવી શકશે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બે દિવસ પહેલા કહ્યુ હતુ કે સ્કુલ ખોલવાનો નિર્ણય ચિકિત્સા નિષ્ણાંતોથી વિચાર-વિમર્શ બાદ કરવામાં આવશે. આને લઈને મંત્રીઓના અલગ-અલગ નિવેદન આવી રહ્યા હતા. અગાઉ ચિકિત્સા શિક્ષા મંત્રી વિશ્વાસ સારંગે સવારે કહ્યુ કે સ્કુલ ખોલવાનો નિર્ણય વિશેષજ્ઞો પાસે વિચાર-વિમર્શ બાદ લેવામાં આવશે.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

અખિલેશ સામે ભાજપે કેન્દ્રીય મંત્રી બઘેલને મેદાનમાં ઊતાર્યા

(એજન્સી) મૈનપુરી,

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે આજે મૈનપુરીની કરહલ વિધાનસભા બેઠક પરથી નામાંકન કર્યુ પરંતુ આ વચ્ચે ભાજપે મોટો દાવ રમ્યો છે. કેન્દ્રીય કાનૂન રાજ્ય મંત્રી એસપી સિંહ બઘેલે પણ કરહલ બેઠક પરથી નામાંકન દાખલ કર્યુ છે. તેઓ કરહલથી ભાજપના ઉમેદવાર રહેશે અને અખિલેશ યાદવને પડકાર આપશે. એસપી સિંહ બઘેલ આગ્રાના સાંસદ પણ છે.

કરહલથી કેન્દ્રીય મંત્રી એસપી સિંહ બઘેલને ઉમેદવાર બનાવ્યા બાદ યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ ટ્વીટ કરી, કરહલથી જીતશે બીજેપી, જીતશે પ્રો એસપી સિંહ બઘેલ, ૨૦૨૨માં કરહલથી ચૂંટણી હારશે યાદવ અખિલેશ, જીતશે ભાજપ, ખિલશે કમલ, રહેશે સુશાસન, થતો રહેશે વિકાસ' સૈફઈથી કરહલની વચ્ચે લગભગ ૩૦ કિમીના અંતરે અખિલેશ યાદવનુ દરેક સ્થળે ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યુ. રથ પર સવાર સપા અધ્યક્ષ હાથ હલાવીને જનતાનુ અભિવાદન કરતા રહ્યા. લગભગ એક વાગે અખિલેશ યાદવ મૈનપુરી કલેક્ટ્રેટ પહોંચ્યા અને પોતાનુ નામાંકન દાખલ કર્યુ.

રાજસ્થાનથી મોટા પ્રમાણમાં નશીલા દ્રવ્યો પકડી પડાયા

(એજન્સી) નવી દિલ્હી,

કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરો (સીબીએન) મધ્ય પ્રદેશના અધિકારીઓએ માદક પદાર્થોની તસ્કરી અને તસ્કરો પર વિશેષ કાર્યવાહી અભિયાન અંતર્ગત ૬૦૦ કિલો ખસખસનું ભૂસુ, ૧૬ કિલો અફીણ અને ૨.૫ લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા છે. કેન્દ્રીય નાર્કોટિક્સ બ્યુરો મધ્ય પ્રદેશે ગુપ્ત માહિતીના આધારે રાજસ્થાનના ચિત્તોડગઢના નિમ્બાહેડા ક્ષેત્રમાં આવેલા શ્રીપુરા ગામમાં દરોડો પાડ્યો હતો. એક શકમંદના ઘરની તલાશી દરમિયાન ત્યાંથી ખસખસના ભૂસાના ૩૪ કોથળા, ૧૬ કિલો અફીણ અને ૨.૫ લાખ રૂપિયા મળી આવ્યા હતા. ખસખસના ભૂસાનું વજન ૬૦૦ કિલો હોવાનું સામે આવ્યું છે. નાર્કોટિક્સ કમિશનર રાજેશ અફ. ઢાબરેએ કેન્દ્રીય નારકોટિક્સ બ્યુરોના ફીલ્ડ એકમોને ૫ રાજ્યોની આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને એક વિશેષ ડ્રગ-વિરોધી અભિયાન આયોજિત કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે અધિકારીઓને સંવેદનશીલ રસ્તાઓ, માદક પદાર્થોની તસ્કરી અને તસ્કરીની શક્યતા ધરાવતા ક્ષેત્રોનું મોનિટરીંગ કરવા નિર્દેશ આપ્યો છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

ટ્રેન કમ્પાર્ટમેન્ટમાં પાંચ વર્ષના સમયગાળા માટે એસએલઆર જગ્યા ભાડાપ્રેટે આપવાનો કોન્ટ્રાક્ટ

ટેન્ડર નં. ડીઆરએમ/કોમર્શિયલ/59/2020-21

ટેન્ડર નોટીસ નં. સી78/1/117/ટેન્ડર/એસએલઆર/04/2021-22 તા.24-01-2022

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે મુજબની ટ્રેનોમાં પાંચ વર્ષના સમયગાળા માટે 4 / 3.9 ટન એસએલઆર જગ્યા ભાડાપ્રેટે આપવાના કોન્ટ્રાક્ટ માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર નોંધાયેલા લિઝ હોલ્ડરો ('A' અથવા 'B' કેટેગરીમાં) પાસેથી નીચે દર્શાવ્યા મુજબ **કમ્પાર્ટમેન્ટ પ્રમાણે અને ટ્રેન પ્રમાણે ''અલગ અલગ''** સીલબંધ ટેન્ડરો આવકારે છે.

અનું. નં.	ટ્રેન નં.	સ્ટેશન		કાર્યના દિવસો અથવા ઉપલબ્ધ જગ્યાના દિવસો	ઉપલબ્ધ જગ્યા (ટનમાં)			પ્રતિ ટ્રીપ પ્રતિ 04/ 3.9 ટન માટે રિઝર્વ કિંમત (₹)
		અહીં થી	અહીં સુધી		FSLR Ist	FSLR IInd	RSLR Ist	
01	12902	અમદાવાદ	દાદર	દરરોજ	-	-	3.9	9,071/-
02	16335	ગાંધીધામ	નાગરકોઈલ	શુક્રવાર	-	-	4.0	17,298/-
03	12993	ગાંધીધામ	પુરી	શુક્રવાર	-	-	3.9	12,999/-
04	18406	અમદાવાદ	પુરી	શુક્રવાર	3.9	-	-	21,174/-
05	12917	અમદાવાદ	હઝરત નિઝામુદ્દીન	સોમવાર	3.9	-	3.9	13,307/-
06	15560	અમદાવાદ	દરભંગા	શુક્રવાર	3.9	-	3.9	28,594/-
07	12473	ગાંધીધામ	કટરા	શનિવાર	3.9	-	3.9	28,735/-
08	12934	અમદાવાદ	મુંબઈ સેન્ટ્રલ	દરરોજ	3.9	-	3.9	4,536/-
09	20939 (19403)	અમદાવાદ	સુલ્તાનપુર	મંગળવાર	3.9	-	3.9	24,258/-
10	20954 (19420)	અમદાવાદ	ચૈન્નાઈ સેન્ટ્રલ	સોમવાર	3.9	-	3.9	25,512/-
11	16501	અમદાવાદ	યશવંતપુર	મંગળવાર	-	-	3.9	19,688/-
12	19415	અમદાવાદ	કટરા	રવિવાર	3.9	-	3.9	17,337/-
				કુલ	08	00	11	---

નોંધ: (a) ટેન્ડર વિશે માહિતી શરતો અને નિયમો માટે બધાજ કામકાજના દિવસો દરમિયાન 10:30 થી 17:30 કલાક સુધી ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)-અમદાવાદ પર સંપર્ક કરી શકાશે. **(b)** આ ઈલેક્ટ્રોનિક ટેન્ડર (ઈ-ટેન્ડર) છે અને IREPS પોર્ટલ પર ઓનલાઈન બિડ્સ/ઓફર જમા કરી શકાશે. જરૂરી માહિતી અને દસ્તાવેજો IREPS પોર્ટલ (એટલે કે www.ireps.gov.in) પર ઉપલબ્ધ છે. ઈ-ટેન્ડર માટે મેન્યુઅલ બિડ્સ/ઓફર્સ જમા કરવાની મંજુરી નથી, અને પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ બિડ્સ/ઓફર્સને નકારવામાં આવશે. **(c) ટેન્ડર ફોર્મની કિંમત ₹ 1,000/- પ્રતિ એસએલઆર/એલડબલ્યુએલઆરઆરએમ/એલએસએલઆરડી કમ્પાર્ટમેન્ટ છે,** જે IREPS પોર્ટલ મારફતે ઓનલાઈન ચુકવવાની રહેશે અને ચૂકવણી સ્વીકૃતિ સ્લિપ ઓફર/બિડ સાથે જોડાયેલ હોવી જોઈએ. **(d) ઈએમડી ₹ 1,00,000/- પ્રતિ એસએલઆર/એલડબલ્યુએલઆરઆરએમ/એલએસએલઆરડી કમ્પાર્ટમેન્ટ છે,** જે IREPS પોર્ટલ મારફતે ઓનલાઈન ચુકવવાની રહેશે અને ચૂકવણી સ્વીકૃતિ સ્લિપ ઓફર/બિડ સાથે જોડાયેલ હોવી જોઈએ. **(e) ટેન્ડર બંધ થવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.22-02-2022 (મંગળવાર) 15:00 કલાકે અને તા.22-02-2022 (મંગળવાર) 15:30 કલાકે ક્રમશઃ**

ADI-212

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

ગોળી વાગ્યા બાદ પણ કમાન્ડો આતંકીઓ પર કાળ બની તૂટ્યો

(એજન્સી) નવી દિલ્હી,

ભારતીય સેનાના નેતૃત્વમાં ગરુડ સ્પેશિયલ ફોર્સના જવાનોએ શનિવારે પુલવામામાં હાથ ધરાયેલા ઓપરેશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા હતા. પુલવામા એક્રાઉન્ટર દરમિયાન સ્પેશિયલ ફોર્સના અધિકારીને બે વખત ગોળી વાગી હતી પરંતુ તેમ છતાં તેણે આતંકીઓ પર ગોળીબાર ચાલુ રાખ્યો હતો.

ગરુડ કમાન્ડો ચાર વર્ષ પહેલા એક મોટા ઓપરેશન માટે ચર્ચામાં આવ્યા હતા જયારે તેઓએ ૨૦૧૭માં બે મોટા ઓપરેશનમાં આઠ આતંકવાદીઓનો ખાત્મો કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે પુલવામા ઓપરેશન માટે સેનાની ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સ, જમ્મૂ-કાશ્મીર પોલીસ સહિત સુરક્ષા દળોએ શનિવારે સાંજે લગભગ ૭ વાગ્યે પુલવામા વિસ્તારના નાયરા ગામમાં ઘેરાબંધી અને સર્ચ અભિયાન હાથ ધર્યું હતું. થોડા સમય બાદ સ્થાનિક લોકો પાસેથી મળેલી માહિતીના આધારે સેનાએ એક ઘરની અંદર આતંકવાદીઓની હાજરી શોધી કાઢી હતી. સુરક્ષા દળોએ તરત જ ઘર અને તેની આસપાસ રહેતા નાગરિકોને બહાર કાઢ્યા હતા અને ખાતરી કરી કે તેમને સલામત અંતર પર મોકલવામાં આવ્યા છે જેથી કોઈ નાગરિકને નુકસાન ન થાય.

ગરુડ સ્પેશિયલ ફોર્સના જવાનોએ શનિવારે પુલવામામાં હાથ ધરાયેલા ઓપરેશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી

સુરક્ષા દળોએ ઘરની ઘેરાબંધી કરતા આતંકવાદીઓને સ્થળ પરથી ભાગી જવા માટે ગોળીબાર કરવાની ફરજ પડી હતી. જયારે આતંકવાદીઓ ભારે ગોળીબારના કવર હેઠળ કોર્ડન તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેઓ આર્મી અને ગરુડ સ્પેશિયલ ફોર્સના જવાનોના સીધા ગોળીબારમાં આવ્યા હતા.

જેના પરિણામે બંને તરફથી ભારે ગોળીબાર થયો હતો. સૂત્રોએ જણાવ્યું કે આ કાર્યવાહીમાં ગરુડ સ્પેશિયલ ફોર્સના સ્કવોડ્રન લીડર સંદીપ ઝાંઝરિયાને છાતી અને ડાબા હાથમાં બે ગોળી વાગી હતી. સૂત્રોએ જણાવ્યું કે ઘાયલ થવા છતાં ગરુડ ફોર્સના જવાન ત્યાં સુધી આતંકવાદીઓ સા સામે ગોળીબાર કરતો રહ્યો જ્યાં સુધી ભાગી રહેલા ત્રણ આતંકવાદીઓનો ખાત્મો ન થયો.

તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે સૈનિકો ત્રણેયને ખતમ કર્યા પછી ઘરમાં વધુ આતંકીઓને શોધી રહ્યા હતા ત્યારે ત્યાં છુપાયેલો એક આતંકવાદી બહાર આવ્યો અને તેણે ગરુડ સૈનિકોની પાર્ટી પર ફાયરિંગ શરૂ કર્યું હતુ. જેમાં કોર્પોરલ આનંદને એક ગોળી વાગી હતી. જે બાદ ચોથો આતંકવાદીનો પણ તરત જ ખાત્મો બોલાવી દેવાયો હતો.

ગરુડ સ્પેશ્યલ ફોર્સને ખરાખરીની લડાઈમાં અનુભવ મેળવવામાં મદદ કરવા માટે આર્મી હેડક્વાર્ટરે તેમને રાષ્ટ્રીય રાઈફલ્સ સાથે જોડી દીધા છે. જે દરરોજ આતંકવાદી વિરોધી અભિયાન હાથ ધરે છે. હાજિનમાં ૨૦૧૭ના ઓપરેશનમાં ગરુડ સ્પેશ્યલ ફોર્શ ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સનો ભાગ હતી, જયારે તે શનિવારે પુલવામામાં એક્રાઉન્ટરમાં ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સ સાથે હતી.

NALIN LEASE FINANCE LIMITED
CIN: L65910GJ1990PLC014516
Regd.Off: Ground Floor, Gandhi Nursing Home Bldg.,
Dr.Nalinkant Gandhi Road, Himatnagar- 383 001.Gujarat India
Phone: 02772-241264, 242264, email : nalinlease@yahoo.co.in , www.nalinfin.co.in

EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31.12.2021 (Rs.in Lacs)

Sl. No.	PARTICULARS	For the quarter ended			For the year ended
		31 Dec. 2021	30 Sept.2021	31 Dec.2020	31 March 2021
		Unaudited	Unaudited	Unaudited	Audited
1.	Total Income From Operations	143.75	154.29	131.06	489.37
2.	Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	63.57	104.92	107.82	330.86
3.	Net Profit/(loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	63.57	104.92	107.82	330.86
4.	Net Profit/(loss) for the period after Tax(after Exceptional and/or Extraordinary items)	47.60	78.24	87.86	252.43
5.	Total Comprehensive Income for the period (Comprising Profit /(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (after tax)	47.60	78.24	87.86	252.43
6.	Paid up Equity Share Capital	655.82	655.82	655.82	655.82
8.	Earnings Per share (of Rs 10/- each) (for continuing and discontinuing operations)-				
	1. Basic:	0.73	1.19	1.34	3.85
	2. Diluted:	0.73	1.19	1.34	3.85

Note : The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
The full format of the Quarterly Financial Results is available on the BSE website (www.bseindia.com) & Company's website (www.nalinfin.co.in)

For, NALIN LEASE FINANCE LTD
Sd/- **(D.N.Gandhi)**
Managing Director

Place : Himmatnagar
Date : 31.01.2022

UPL Limited
CIN: L24219GJ1985PLC025132
રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ-વલસાડ, ગુજરાત-૩૯૬ ૧૯૫.
ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

૩૧મી ડીસેમ્બર ૨૦૨૧ના રોજ પુરા થતા ત્રીમાસીક અને નવ માસ અંતેના કોન્સોલીડેટેડ અનઓડિટેડ નાણાંકિય પરિણામોનો અહેવાલ

(રૂ.કરોડમાં)

ક્રમ નં.	વિગતો	ત્રિમાસીક અંતે			નવ માસના અંતે		વર્ષના અંતે
		ડીસે-૨૧	સપ્ટે-૨૧	ડીસે-૨૦	ડીસે-૨૧	ડીસે-૨૦	માર્ચ-૨૧
		(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(ઓડિટેડ)
૧.	કામગીરીમાંથી કુલ આવક	૧૧,૨૯૭	૧૦,૫૬૭	૯,૧૨૬	૩૦,૩૭૯	૨૫,૮૯૮	૩૮,૬૯૪
૨.	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ વસ્તુઓ પહેલાં)	૧,૩૯૯	૧,૦૬૩	૯૭૫	૩,૧૨૨	૨,૬૫૬	૪,૪૧૯
૩.	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ વસ્તુઓ પછી)	૧,૩૪૬	૧,૦૨૩	૧,૦૫૩	૨,૯૬૬	૨,૪૯૮	૪,૧૮૧
૪.	કર સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ વસ્તુઓ પછી) કંપનીના શેર હોલ્ડરોને આભારી	૯૩૬	૬૩૪	૭૯૪	૨,૨૪૭	૧,૮૦૮	૨,૮૭૧
૫.	સમયગાળા માટે (કર પછી) કુલ વ્યાપક આવક	૧,૩૦૫	૬૮૦	૭૩૨	૩,૨૧૨	૧,૦૦૩	૨,૫૪૫
૬.	કંપનીના શેરહોલ્ડરોને આભારી કુલ વ્યાપક આવક	૧,૦૩૪	૫૫૩	૬૫૦	૨,૬૨૨	૯૧૮	૨,૧૮૮
૭.	પેઈડ ઈક્વિટી શેર કેપિટલ (શેરનું ફેસ વેલ્યુ - રૂ. ૨/ - દરેક)	૧૫૩	૧૫૩	૧૫૩	૧૫૩	૧૫૩	૧૫૩
૮.	અન્ય ઈક્વિટી						૨૦,૭૩૪
૯.	શેર દીઠ (ઈપીએસ) (રૂ. ૨/ - દરેક)						
	શેર દીઠ બેઝિક કમાણી	૧૧.૪૬	૮.૨૯	૧૦.૩૮	૨૭.૮૩	૨૩.૬૫	૩૬.૪૦
	શેર દીઠ ડાયલ્યુટેડ કમાણી	૧૧.૪૬	૮.૨૯	૧૦.૩૮	૨૭.૮૩	૨૩.૬૫	૩૬.૪૦

નોંધો :
૧. ઉપરોક્ત ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના અંત માટેના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયાના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સ્ચેંજમાં ફાઈલ કરેલા અનઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ સુધારેલા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ માસ માટેના અનઓડીટેડ નાણાકીય પરિણામો (કોન્સોલીડેટેડ અને સ્ટેન્ડઅલોન)નું સંપૂર્ણ બંધારણ કંપનીની વેબસાઈટ www.upl-ltd.com અને બીએસઈ (www.bseindia.com) અને NSE (www.nseindia.com) પર ઉપલબ્ધ છે.
૨. SEBI LODR રેગ્યુલેશન્સ મુજબ રેગ્યુલેશન ૫૨ (૪) માં ઉલ્લેખિત અન્ય લાઈન આઈટમ્સ માટે, BSE (www.bseindia.com) ને સુસંગત જાહેરાતો કરવામાં આવી છે અને કંપનીની વેબસાઈટ www.upl-ltd.com પર પણ જોઈ શકાશે.
૩. મુખ્ય સ્ટેન્ડઅલોન નાણાંકીય માહિતી નીચે મુજબ છેઃ

(રૂ.કરોડમાં)

ક્રમ નં.	વિગતો	ત્રિમાસીક અંતે			નવ માસના અંતે		વર્ષના અંતે
		ડીસે-૨૧	સપ્ટે-૨૧	ડીસે-૨૦	ડીસે-૨૧	ડીસે-૨૦	માર્ચ-૨૧
		(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(અનઓડિટેડ)	(ઓડિટેડ)
૧	કામગીરીમાંથી કુલ આવક	૪,૦૨૫	૪,૧૩૮	૨,૯૨૧	૧૨,૧૨૩	૮,૭૩૪	૧૧,૩૪૫
૨	કર પહેલાંનો નફો	૭૧	૧૮૦	૧૭૫	૫૮૭	૬૧૮	૪૩૪
૩	કર પછીનો નફો	૫૭	૧૪૬	૯૯	૪૭૩	૩૫૨	૨૨૦

૪. ઓડીટ કમિટી દ્વારા ઉપરોક્ત પરિણામોની સમીક્ષા ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કરવામાં આવી છે અને ત્યારબાદ ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ મળેલી બોર્ડ ઓફ ડીરેક્ટરની બેઠકમાં નિયામક મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ પરિણામો કાનૂની ઓડિટર દ્વારા મર્યાદિત સમીક્ષાને આધિન કરવામાં આવ્યા છે.

યુપીએલ લિમિટેડ વતી,
આર.ડી.શ્રોફ
(DIN:00180810)
ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર

સ્થળ : મુંબઈ
**તારીખ :